Thursday
13.06.2024
✳Volume :8 ✳ Issue No.323
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ આંધ્રપ્રદેશની નવી સરકારના શપથ સમારોહમાં હાજરી આપી

## આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ શ્રી એન. ચંદ્રબાબુ નાયડુને અભિનંદન પાઠવ્યા









કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શ્રી એન. ચંદ્રબાબુ નાયડુને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યું: "નવી આંધ્રપ્રદેશ સરકારના શપથ સમારોહમાં હાજરી આપી. શ્રી એન. ચંદ્રબાબુ નાયડુ ગારુને મુખ્યમંત્રી બનવા બદલ અને સરકારમાં મંત્રી તરીકે શપથ લેનાર અન્ય તમામને પણ અભિનંદન. ટીડીપી, જનસેના અને ભાજપ સરકાર આંધ્રપ્રદેશને ગૌરવની નવી ઊંચાઈઓ પર લઈ જવા અને રાજ્યના યુવાનોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં નોર્થ બ્લોકમાં કેન્દ્રીય ગૃહ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગૃહ મંત્રાલય દેશ અને તેના લોકોની સુરક્ષા માટે હંમેશાની જેમ પ્રતિબદ્ધ રહેશે – શ્રી અમિત શાહ

## મોદી 3.0 ભારતની સુરક્ષા માટેના તેના પ્રયત્નોને આગલા સ્તર પર લઈ જશે અને ભારતને આતંકવાદ, વિદ્રોહ અને નક્સલવાદ સામેના એક બળ તરીકે બનાવશે




કમલમ્ ન્યુઝ,

શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં નોર્થ બ્લોકમાં કેન્દ્રીય ગૃહ મંત્રી તરીકેનો કાર્યભાર ફરી શરૂ કર્યો હતો. 'એક્સ' પર પોતાની પોસ્ટમાં શ્રી અમિત શાહે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગૃહ મંત્રાલય (એમએચએ) દેશ અને તેના લોકોની સુરક્ષા માટે હંમેશાની જેમ પ્રતિબદ્ધ રહેશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે મોદી 3.0 ભારતની સુરક્ષા માટે પોતાના પ્રયાસોને આગલા સ્તર પર લઈ જશે અને ભારતને આતંકવાદ, વિદ્રોહ અને નક્સલવાદ વિરુદ્ધ એક બળના રૂપમાં બનાવશે. આ અગાઉ આજે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ થયેલા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું કે આપણા પોલીસ દળોના શહીદોને યાદ કરીએ છીએ જેમણે રાષ્ટ્રના સન્માનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું અને જેમની બલિદાનની ગાથાએ દેશભક્તિના જુસ્સાને હંમેશા માટે અમર કરી દીધો હતો.

**કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ થયેલા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી**

# પ્રધાનમંત્રીએ વૃક્ષાસન યોગનો વીડિયો શેર કર્યો




કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આગામી યોગ દિવસને ધ્યાનમાં રાખીને વૃક્ષાસન યોગ આસનના ફાયદાઓનું વર્ણન કરતો એક વિગતવાર વીડિયો શેર કર્યો છે. પ્રધાનમંત્રીએ ઠ પર પોસ્ટ કર્યું; "વૃક્ષાસન અથવા વૃક્ષની મુદ્રાના ઘણા ફાયદા છે, જેમાં સંતુલન અને મુદ્રામાં સુધારો કરવાનું પણ સામેલ છે. "વૃક્ષાસન એટલે કે ઝાડની મુદ્રામાં કરવામાં આવ

# શ્રી સી. આર. પાટીલે કેન્દ્રીય જલ શક્તિ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો

### જળશક્તિ મંત્રાલય જળ સંરક્ષણ, સાફસફાઈ અને વ્યવસ્થાપનમાં નવા માપદંડો સ્થાપિત કરશે તે નક્કી છે: શ્રી સી. આર. પાટીલ





કમલમ્ ન્યુઝ,

શ્રી ચંદ્રકાંત રઘુનાથ પાટિલે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય જલ શક્તિ મંત્રીનો હોદ્દો સંભાળ્યો હતો. કાર્યભાર સંભાળ્યા પછી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો મંત્રાલયની જવાબદારી પર વિશ્વાસ મૂકવા બદલ તેમનો આભાર માન્યો હતો. શ્રી પાટીલ ગુજરાતના નવસારી લોકસભા મતવિસ્તારમાંથી ત્રણ વખત સંસદ સભ્ય રહી ચૂક્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ઉપરોક્ત પોસ્ટમાં શ્રી પાટિલે કહ્યું હતું કે, "હું દ્રઢનિશ્ચયી છું કે જલ શક્તિ મંત્રાલય જળ સંરક્ષણ, સ્વચ્છતા અને વ્યવસ્થાપનમાં નવા માપદંડો સ્થાપિત કરશે. આ દિશામાં અમે સંયુક્ત પ્રયાસોને પ્રોત્સાહન આપીશું અને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને જળ સંપત્તિનું સંરક્ષણ કરીશું." શ્રી પાટીલ, કેન્દ્રીય જલ શક્તિ રાજ્યમંત્રી શ્રી વી સોમન્નાઅને શ્રી રાજ ભૂષણ ચૌધરીને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા દેશમાં પાણીની સ્થિતિ અને મંત્રાલયના વિવિધ વિભાગોની કામગીરી વિશે ટૂંકમાં જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોમાં પેયજળ અને સ્વચ્છતા વિભાગના સચિવ સુશ્રી વિનીમહાજન, જળસંસાધન, નદી વિકાસ અને ગંગા જીર્ણોદ્ધાર વિભાગના સચિવ સુશ્રી દેબાશ્રી મુખર્જી તેમજ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી નીતિન ગડકરીએ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનો કાર્યભાર સંભાળ્યો

### શ્રી અજય ટમ્ટા અને શ્રી હર્ષ મલ્હોત્રાએ રાજ્ય મંત્રી તરીકેની જવાબદારી સંભાળી



કમલમ્ ન્યુઝ,

શ્રી નીતિન ગડકરીએ આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનો હોદ્દો સંભાળ્યો હતો. શ્રી અજય ટમ્ટા અને શ્રી હર્ષ મલ્હોત્રાએ પણ રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. શ્રી ગડકરીએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનો મોદી 3.0માં આ ભૂમિકાને પુનઃનિયુક્ત કરવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, મોદીજીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વમાં ભારત ઝડપથી વિશ્વસ્તરીય, આધુનિક માળખાગત સુવિધાઓથી સજ્જ હશે. MoRTHના સચિવ શ્રી અનુરાગ જૈન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ પરિવહન ભવન પરિસરમાં કેન્દ્રીય મંત્રીશ્રી નીતિન ગડકરી અને રાજ્ય મંત્રીઓ શ્રી અજય ટમ્ટા અને શ્રી હર્ષ મલ્હોત્રાનું સ્વાગત કર્યું હતું.







કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ ખાતે કેબિનેટ મંત્રીશ્રી બળવંત સિંહ રાજપૂત સાહેબ અને રાજય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં શ્રમ અને રોજગાર વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઇ. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પોર્ટલ બનાવવા માર્ગદર્શન કર્યું. કૌશલ્ય સ્કીલ યુનિવર્સિટીના નિર્માણ કાર્યની અદ્યતન માહિતીનું આદાન-પ્રદાન કર્યું અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ અને કૌશલ્યવર્ધક ભવિષ્ય નિર્માણ માટે નવા કોર્સ અંગે ચર્ચા કરી. જેથી ઉદ્યોગોના માંગ અનુસાર વધુમાં વધુ માત્રામાં રોજગારીનું નિર્માણ થઈ શકે. વિભાગની કામગીરીની સમીક્ષા કરી. આ પ્રસંગે ડૉ.અંજુ શર્મા - અધિક મુખ્ય સચિવ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, શ્રીમતી. ગાર્ગીજૈન, નિયામક રોજગાર અને તાલીમ, વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

